| | |
|---|---|
| દાખલ તારીખ :– | ૧૦/૧૦/૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ :– | ૧૦/૧૦/૨૦૨૫ |
| નિકાલ તારીખ :– | ૧૬/૧૦/૨૦૨૫ |
| સમયગાળો :– | વર્ષ માસ દિવસ |
| | ૦૦ ૦૦ ૦૬ |

**અમદાવાદ(ગ્રામ્ય)ના નવમા અધિક સત્ર ન્યાયાધીશ(શ્રી પી. પી. જાડેજા)ની અદાલતમાં મુ. ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય)**

**ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૩૭૭/૨૦૨૫**
**આંક– _____**

**અરજદાર/આરોપીઃ–**
કેતન મહેન્દ્રસિંગ નાઈ
ઉ.વ. ૧૯, ધંધોઃ ડ્રાઈવીંગ,
રહેવાસીઃ ગસઓખુદ, થાના–ઉચાણ, જિ. જીંદ (હરીયાણા)
(હાલ સેન્ટ્રલ જેલ સાબરમતી, અમદાવાદ)

**વિરૂદ્ધ**

**સામાવાળાઃ–**
નામ. ગુજરાત સરકારશ્રી

**બાબતઃ–** **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા બાબત અરજી.**

**અરજદાર તરફે વિ.વ.શ્રી એસ. એચ. ડોડીયા,**
**સામાવાળા તરફે વિ.એ.જી.પી.શ્રી જે. સી. પટેલ,**

**–:હુકમ:–**

**(૧)** જામીન અરજી તથા અરજદાર તરફે રજૂ દસ્તાવેજી પુરાવા વિગેરે વંચાણે લીધા. તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ કરવામાં આવેલ સોગંદનામું, પોલીસ પેપર્સ વિગેરે વંચાણે લીધા. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીને તથા સામાવાળા તરફે વિ.એ.જી.પી.શ્રીને સાંભળ્યા.

**(૨)** હાલના અરજદાર/આરોપી તરફે બાવળા પો. સ્ટે. ગુ. ર. નં.૧૧૧૯૨૦૦૮૨૫૦૫૦૫/૨૦૨૫, પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી),

૮૧, ૯૮(૨) મુજબના ગુનાનાં કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુક્ત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૩) અરજદાર/આરોપી સામેના મુખ્ય આક્ષેપો સંક્ષિપ્તમાં જોતાં, તા.૧૧–૦૯–૨૦૨૫ ના રોજ કલાક ૨૦–૩૦ વાગ્યે મોજે અમદાવાદ રાજકોટ હાઈવે બાવળા સ્વામીનારાયણ ગેટ પાસે રોડ ઉપર, તા. બાવળા, જિ. અમદાવાદ ખાતે વિદેશી દારૂની બોટલ કુલ્લે નંગ ૬૪૮ જેની કુલ્લે કિ. રૂા. ૬,૪૬,૮૦૦/– તથા પકડાયેલ ઈસમોની અંગઝડતીમાંથી મોબાઈલ ફોન નંગ ૦૩ કિ. રૂા.૧૭,૦૦૦/– તથા રોકડ રકમ રૂા. ૧,૦૦૦/– તથા સફેદ કલરની મારૂતી સુઝુકી કંપનીની બ્રેઝા ગાડી જેની કિ. રૂા. ૫,૦૦,૦૦૦/– તથા સફેદ કલરની મારૂતી સુઝુકી કંપનીની અરટીગા ગાડી નં. ટી.૦૪૨૫.એચ.આર.૧૧૦૯ એ.સી. જેની કિ. રૂા. ૪,૦૦,૦૦૦/– મળી કુલ્લે કિ. રૂા. ૧૫,૬૪,૮૦૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ, હેપ્પી નામનો માણસ જેને હિમાચલ, વાઈનસ, કલાગ્રામ પેટ્રોલપંપની બાજુમાં ચંદીગઢ ખાતે દુકાન છે જેઓએ પ્રોહીબીશનનો જથ્થો ભરાવી આપી ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી, અરજદારે સદર ગુનામાં સંડોવાયેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. અરજદાર/આરોપી વિરૂદ્ધ પ્રથમ દર્શનીય કેસ નથી. અરજદાર/આરોપી તેમના વતનના કાયમી રહેવાસી છે તેમના વતનમાં સ્થાવર–જંગમ મિલકતો ધરાવે છે ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. સદર કેસની ઈન્સાફી ચાલવામાં સમય જાય તેમ છે અને તે દરમિયાન અરજદાર/આરોપીને જો જામીન મુક્ત કરવામાં ન આવે તો અરજદાર/આરોપીને પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામે રહે છે. અરજદાર/આરોપી ક્યાંય નાશી–ભાગી જાય તેમ નથી. અરજદાર પોલીસ તપાસમાં સહકાર આપવા તૈયાર છે. તેમજ અરજદાર/આરોપી નામ. કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તથા શરતોનું પાલન કરવા ખુશી છે. વધુમાં સહ આરોપી ગુરમીતસીંગ જોગીન્દરસીંગ જાટ તથા શક્તીજી રામચંદન જાટ નાઓની નામ. ગુજરાત હાઈકોર્ટમાં આર/ક્રિ. પ. અ. નં.૨૧૦૧૯/૨૦૨૫ થી નામ. ગુજરાત હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરતાં નામ. ગુજરાત હાઈકોર્ટે તા. ૧૦–૧૦–૨૦૨૫ ના રોજ રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરેલ છે જેથી પેરીટીના સિદ્ધાંતના આધારે અરજદારને જામીન પર મુક્ત કરવા જોઈએ. જેથી, સદર તમામ

હકીકત ધ્યાને લઈ, અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવા રજૂઆત કરેલ છે.

**(૪.૧)** ફરિયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રી જે.સી.પટેલે અરજીનો વિરોધ કરી મહદઅંશે તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામાની વિગતો રીફર કરી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી વિરુદ્ધ ફરિયાદ મુજબનો પ્રથમ દર્શનીય ગુનો બને છે. અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવામાં આવશે તો તે ફરીથી આવી ગેરકાયદેસર પ્રવૃત્તી ચાલુ રાખે તેવી પુરેપુરી શક્યતા રહેલી છે. આરોપી પોતે ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતાં હોય અને આરોપી પાસેથી સ્થળ ઉપર ખુબ મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવેલ હોય જામીન અરજી રદ્દ કરવા રજુઆત કરેલ છે. વધુમાં, અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવાથી તેઓ સહ આરોપીઓને ધાક-ધમકી આપી, ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરે તેવી તેમજ મુદ્દત તારીખે અદાલતમાં હાજર ન રહે તેવી શક્યતા રહેલી છે. જેથી, સદર તમામ હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

**(૫)** પક્ષકારોની રજુઆતો તથા સમગ્ર રેકર્ડ લક્ષમાં લીધા. કોઈ પણ બિનજામીનપાત્ર ગુનાના કામે આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવો કે કેમ તે બાબતે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૪૮૩ ની જોગવાઈ મુજબ અદાલતની વિવેકબુદ્ધિની સત્તાને આધીન રહેલી છે અને આવી વિવેકબુદ્ધિની સત્તા કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતોને આધીન વાપરવાની રહે છે. અરજદાર/આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપીત ગુનાના કામે રજુ જામીન અરજી નિર્ણીત કરતી વખતે આક્ષેપીત ગુના સંબંધે નિર્દિષ્ટ કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાને લેવી તે જ એકમાત્ર પરિબળ નથી. જામીન અરજી નિર્ણીત કરતી વખતે ગુના અંગે નિર્દિષ્ટ સજાની જોગવાઈ ઉપરાંત ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, આરોપીની વય, ટ્રાયલ દરમિયાન આરોપીઓની હાજરી મળી આવવાની સંભાવના વિગેરે પરિબળો પણ લક્ષમાં લેવાના રહે છે.

સદર કામે ફરિયાદની હકીકત મુજબ, તા.૧૧-૦૯-૨૦૨૫ ના રોજ કલાક ૨૦-૩૦ વાગ્યે મોજે અમદાવાદ રાજકોટ હાઈવે બાવળા સ્વામીનારાયણ ગેટ પાસે રોડ ઉપર, તા. બાવળા, જિ. અમદાવાદ ખાતે વિદેશી દારૂની બોટલ કુલ્લે નંગ ૬૪૮ જેની કુલ્લે કિ. રૂા. ૬,૪૬,૮૦૦/- તથા પકડાયેલ ઈસમોની અંગઝડતીમાંથી મોબાઈલ ફોન નંગ ૦૩ કિ. રૂા.૧૭,૦૦૦/- તથા રોકડ રકમ રૂા. ૧,૦૦૦/- તથા સફેદ કલરની મારૂતી સુઝુકી કંપનીની બ્રેઝા ગાડી જેની કિ. રૂા. ૫,૦૦,૦૦૦/- તથા સફેદ કલરની મારૂતી સુઝુકી કંપનીની અરટીગા

ગાડી નં. ટી.૦૪૨૫.એચ.આર.૧૧૦૯ એ.સી. જેની કિ. રૂા. ૪,૦૦,૦૦૦/– મળી કુલ્લે કિ. રૂા. ૧૫,૬૪,૮૦૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ, હેપ્પી નામનો માણસ જેને હિમાચલ, વાઈનસ, કલાગ્રામ પેટ્રોલપંપની બાજુમાં ચંદીગઢ ખાતે દુકાન છે જેઓએ પ્રોહીબીશનનો જથ્થો ભરાવી આપી ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી, અરજદારે સદર ગુનામાં સંડોવાયેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે.

વધુમાં સદર કામે ફરીયાદની હકીકત ધ્યાનમાં રાખતા તથા

વધુમાં સદર ગુનાના કામે સહ આરોપી ગુરમીતસીંગ જોગીન્દરસીંગ જાટ શક્તીજી રામચંદન જાટ નાઓની નામ. ગુજરાત હાઈકોર્ટમાં આર/ક્રિ. પ. અ. નં.૨૧૦૧૯/૨૦૨૫ થી નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા રેગ્યુલર જામીન પર મુક્ત કરેલ છે જેથી હાલના અરજદાર/આરોપીને પેરીટીનો લાભ આપવો ન્યાયી જણાય આવે છે. જેથી, ઉપરોક્ત તમામ હકીકતો લક્ષમાં લેતાં તથા નામ. સર્વોચ્ચ અદાલતે તથા નામ. ગુજરાત હાઈકોર્ટે તેમના વિવિધ ચુકાદામાં જામીન સંબંધીત પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો મુજબ અરજદાર/આરોપીને શરતોને આધીન જામીન મુક્ત કરવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયોચિત જણાતું હોઈ, જામીન અરજી લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદાર/આરોપીની હાલની અરજી "મંજૂર" કરવામાં આવે છે. અરજદાર/આરોપી કેતન મહેન્દ્રસિંગ નાઈ, રહેવાસીઃ ગસઓખુદ, થાના–ઉચાણ, જિ. જીંદ (હરીયાણા) નાઓને બાવળા પો. સ્ટે. ગુ. ર. નં.૧૧૧૯૨૦૦૮૨૫૦૫૦૫/૨૦૨૫, પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાનાં કામે રૂા.૨૫,૦૦૦/–(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)ના સદ્ધર જામીન સહિતના જાતમુચરકા સબંધિત ટ્રાયલ અદાલતમાં આપ્યેથી નીચેની શરતોને આધીન જામીન મુક્ત કરવામાં આવે છે.

**<u>શરતોઃ</u>–**

(૧) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમિયાન નિયમીતપણે અદાલત સમક્ષ હાજર રહેવું.

(૨) અરજદાર/આરોપીએ પોલીસ તપાસમાં સહકાર આપવો. ફરિયાદપક્ષના પુરાવા સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નુકશાન થાય તેવું કૃત્ય કરવું કે કરાવવું નહી તથા ફરીયાદપક્ષને લોભ,લાલચ કે પ્રલોભન આપવુ નહીં.

(૩) અરજદાર/આરોપીએ આવા અન્ય કોઈ પણ ગુનાહિત કૃત્યમાં સંડોવણી થાય તેવું કૃત્ય કરવું/કરાવવું નહી.

(૪) અરજદાર/આરોપીએ તેમનું કાયમી તથા હંગામી સરનામું પુરાવા સાથે તથા મોબાઈલ નંબર પોતાનો તથા જામીનદારનો અદાલત સમક્ષ રજૂ કરવું તથા તેમાં ફેરફાર થયેથી તપાસ કરનાર અમલદાર તથા સંબંધિત અદાલતને તેની જાણ દિન–૭ માં કરવી.

(૫) અરજદાર/આરોપીએ ૦૬(છ) માસ સુધી પોલીસ સ્ટેશનમાં મહીનામાં એક વખત ૧૧–૦૦ કલાકથી ૦૨–૦૦ કલાક સુધીમાં પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવી.

(૬) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતાં હોય તો દિન–૭ માં સંબંધિત ટ્રાયલ અદાલતમાં જમા કરાવવો અને જો અરજદાર પાસપોર્ટ ધરાવતાં ન હોય તો તેવી હકીકત સોગંદનામાથી જાહેર કરવી.

(૭) અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પરવાનગી વિના ગુજરાત રાજ્યની હદ છોડવી નહી.

(૮) અરજદાર/આરોપીએ પોતાની સ્વપાર્જિત તથા વડીલોપાર્જીત મિલકતો અંગે તથા તેની હાલની બજાર કિંમત અંગેનું સોગંદનામું ટ્રાયલ કોર્ટમાંરજુ કરવાનું રહેશે.

સદર હુકમની યાદી સંબંધિત અદાલતને તથા પોલીસ સ્ટેશનને લેખિતમાં મોકલવી.

આ હુકમ આજરોજ તારીખ–૧૬, માહે–ઑક્ટોબર, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૬/૧૦/૨૦૨૫

(**પી. પી. જાડેજા**)
નવમા અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રી,
ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય)
જજ કોડ જી.જે. ૦૦૮૩૨

જે. ડી. ડાભી (પી.એ.)